'ના' પાડવી પડે તો તે માટે તમારી જાતને એક અપરાધી ન માનશો
- ઓશો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૬૧ | ૨૩ ઓગસ્ટ, ૨૦૧૪, શનિવાર; શ્રાવણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લાના ક્રેડિટ-ડિપોઝીટ રેસિયામાં નવ ટકાનો ઘટાડો

## શિક્ષણ, હાઉસીંગ તેમજ અગ્રતા ક્ષેત્રના ધિરાણોમાં ૭૮૩ કરોડનો ઘટાડો : ડિપોઝીટમાં ૨૨૦૦ કરોડનો વધારો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ડિપોઝીટોના પ્રમાણમાં ધરમખ વધારા સાથે ધિરાણમાં ૭૮૩ કરોડનો ઘટાડો નોંધાતાં જિલ્લાનો ક્રેડીટ ડિપોઝીટ રેસિયો નવ ટકાથી પણ વધુ ઘટતાં આજે તે અંગે ઘેરી ચિંતાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

જિલ્લાની કન્સ્ટલેટેટીવ બેઠકમાં આ અંગે ચિંતા કરતાં જિલ્લા વિકાસ અધિકારીએ નારાજગી વ્યક્ત કરી જણાવ્યું હતું કે વાણિજ્ય બેંકો તેમના નકારાત્મક અભિગમને છોડે તે જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે પ્રથમ ત્રિમાસિક ગાળાને અંતે ધિરાણની કામગીરી અત્યંત નબળી કહી શકાય તેવી રહેવા પામી છે. શિક્ષણ અને મધ્યમ તથા લઘુઉદ્યોગના ધિરાણનો ઘટાડો યોગ્ય નથી.

ડિપોઝીટોમાં રૂ. ૨૨૦૦ કરોડનો વધારો થયો છે જ્યારે ધિરાણમાં રૂ. ૭૮૩ કરોડનો ઘટાડો એ ક્રેડીટ પ્લાન મુજબના લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં બેંકો ઉણી ઉતરી હોવાનું તેમણે કહ્યું હતું.

આ બેઠકમાં તેમણે સખી મંડળોની જે અરજીઓ સ્પોન્સર્ડ કરી મોકલવામાં આવી છે તેનું ગ્રેડીંગ તેમજ કેશ ક્રેડીટ આપવાની કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવે તેમ જણાવ્યું હતું.

કૃષિક્ષેત્રે ધિરાણમાં માત્ર ૧.૯૫ ટકાનો વધારો જરૂર થયો છે પરંતુ અન્ય પ્રાઈવેટ સેક્ટરોમાં ધિરાણનો ઘટાડો ૧૪ ટકા સુધીનો નોંધાયો છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેકવાને શિક્ષણ માટેની લોનમાં માત્ર ૩ ટકા તેમજ હાઉસીંગમાં ૭ લટકાનું જ ધિરાણ થયું છે તે અત્યંત નિરાશાજનક ચિત્ર ઉપસાવે છે તેવી ટકોર કરી હતી.

અધિક જિલ્લા કલેક્ટર ડૉ. મોડિયાએ સ્વરોજગારની વિવિધ યોજનાઓની અરજીઓના નિકાલમાં થતા વિલંબને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી તેમજ બેંકોને આ મુદ્દે જરૂર પડ્યે જે તે સંબંધિત વિભાગો સાથે બેઠકો યોજી તેનો સત્વરે નિકાલ કરવો જોઈએ પરંતુ અરજદારોને ધક્કા ખવડાવવાનું બંધ કરવું જોઈએ.

મહિલા વિકાસ કોર્પોરેશનની એક પણ અરજીનો નિકાલ થયો નથી તો પછાતવર્ગ વિકાસ નિગમની યોજનાઓમાં માત્ર ૪ ટકા જ સિદ્ધિ નોંધાઈ છે તે અત્યંત દુ:ખદ હોવાનું તેમણે જણાવ્યું હતું. બાજપેયી સ્વરોજગાર યોજનામાં પણ નબળી કામગીરી અંગે તેમ જ પી.એમ. ઈ.જી.પી. યોજનાની નબળી કામગીરી અંગે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી.

આ બેઠકમાં ૨૮મી ઓગસ્ટથી અમલી બની રહેલ જનધન યોજના અંગે પણ વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. જે ગ્રામ્ય વિસ્તારોમાં હજુ બેંકિંગ સેવાઓ ઉપલબ્ધ નથી તે ગામોને એક માસમાં આવરી લેવાય તે જોવા માટે પણ વિશેષ તાકીદ કરવામાં આવી હતી.

આ બેઠકમાં દેના બેંકના ઝોનલ મેનેજરશ્રી ધનંજયકુમાર, રિઝર્વ બેંકના શ્રી મિશ્રાજી, નાબાર્ડના શ્રી એમ.આર. ગોપાલ, લીડબેંક મેનેજરશ્રી અનિલ પુરોહિત, જિલ્લાની જુદી જુદી બેંકોના પ્રતિનિધિઓ અને જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સુશોભન - હજુ તો દિવાળીના આગમનને બે મહિના બાકી છે... પરંતુ ઘર સુશોભન માટેના નાના-મોટા ટેડી-બિયર આજકાલ ગાંધીનગરના ફુટપાથ માર્કેમાં છૂટથી વેચાય છે... આકર્ષક રંગોમાં વૈવિધ્યપૂર્ણ આકારોમાં અને મધ્યમવર્ગીય સમાજને પોષાય તેવી કિંમતે વેચાતા ટેડી-બિયર ભારે આકર્ષણ જમાવી રહ્યા છે... પક્ષી, મીકી-માઉસ જેવા વિવિધ ટેડીબિયર ખાસ બાળકોમાં વધુ પ્રિય હોય છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# શાંતિગ્રામ કોલેરા ભયગ્રસ્ત જાહેર

## જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે બહાર પાડેલુ જાહેરનામું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લાની કન્સટ્રકશન સાઈટ શાંતિગ્રામનીઆસપાસના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરતું જાહેરનામું આજે જિલ્લા કલેકટરશ્રી રવિશંકરની સહિથી બહાર પાડવામાં આવ્યું છે.

એપેડેમીક ડીસીઝ એકટ ૧૯૮૭ની કલમ-૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન તા. ૨૬-૫-૫૬ના મુંબઈ સરકારશ્રીના એકસ્ટ્રા ઓડીનરી ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે. તેના રેગ્યુલેશન-૨, ૩ અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આ જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે.

જિલ્લા કલેકટરશ્રીએ આ રોગચાળાના નિયંત્રણ અધિકારી તરીકે ગાંધીનગર મામલદાર શ્રી ડી.જી. મોદીની નિયુકતી કરી છે.

આજે આ જાહેરનામુ પ્રસિધ્ધ થતાં જ આરોગ્યતંત્ર હરકતમાં આવી ગયું છે અને બાંધકામ સાઈટના સંચાલકોને સ્વચ્છતા સહિતની કામગીરી ઝડપભેર કરવા સૂચવ્યું છે.

આ કન્સ્ટ્રકશન સાઈટ પરથી તંત્રને ૧૧ જેટલા કોલેરાના કેસ મળી આવ્યા હતા. તંત્ર એ આ માટે જિલ્લા કલેકટરને એક દરખાસ્ત કરી અને રજુ કરી હતી અને જેનો સ્વીકાર કરી આજે જાહેરનામુ પ્રસિધ્ધ થયું છે.

ગાંધીનગર જિલ્લામાં આમ તો છેલ્લા ત્રણેક વર્ષથી કોલેરાના છુટા છવાયા કેસો નોંધાયા છે પરંતુ છુટા છવાયા કેસોને પગલે તંત્રએ ઢાંક પિછોડો કરી અને જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું ટાળ્યું હતું.

ગયા વર્ષે દહેગામમાં કોલેરાના કારણે બે વ્યકિતઓના મોત નીપજયા હતા તે પણ ઉલ્લેખનીય છે.

જિલ્લાના પ્રભારી સચિવશ્રીએ રોગચાળાની સ્થિતિની સમીક્ષા માટે યોજેલી બેઠકના ગણત્રીના કલાકોમાં જ આ જાહેરનામું પ્રસિધ્ધ થવા પામ્યું છે. શાંતિગ્રામ કન્સ્ટ્રકશન સાઈટ એ જાણીતા ઉદ્યોગગૃહ 'અદાણી' સાથે સંકળાયેલી છે.

## NEWS બિટ્સ

**● દેશમાં ૪૩ ટકા સરકારી કર્મચારીઓ હંગામી**

દેશભરના અંદાજે ૧૨.૩ મીલીયન લોકો અલગ અલગ સરકારી વિભાગોમાં નોકરી કરે છે. પરંતુ તેમાંથી ૪૩ ટકા જેટલા સરકારી કર્મચારી હંગામી હોવાની જાણકારી આઈએસએફના રીપોર્ટ પરથી જાણવા મળી છે. પેન્શન, પીએફ, બોનસ સહિતના લાભોથી હંગામી કર્મચારીઓ વંચિત રહ્યા છે. તેઓને માસિક વેતન પણ સમયસર મળતુ ન હોવાનો ઘટસ્ફોટ આ રીપોર્ટમાં થયો છે.

**● IRCTC રેલવે ટીકીટ હવે ઘરે પહોંચાડાશે**

રેલવેની રિઝર્વેશન વેબસાઈટ આઈઆરસીટીસીએ જણાવ્યું છે કે વર્ષના અંત સુધીમાં દેશના પસંદિત કરાયેલા શહેરોમાં રેલવેની ટીકીટો કેશ ઓન ડિલિવરીની સેવા શરૂ કરવામાં આવશે. આ સેવા હેઠળ ઓનલાઈન બુક થયેલી ટિકિટને તમારા ઘર સુધી પહોંચાડી દેવામાં આવશે અને તેના ચાર્જની ચુકવણી ટીકીટ મળ્યા પછી કરી શકાશે.

**● નવા ક્રિકેટ કોચ તરીકે દ્રવિડ અથવા શાસ્ત્રી**

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન રાહુલ દ્રવિડ ડંકન ફલેચરની જગ્યાએ ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ માટે દાવેદાર છે. ઈંગ્લેન્ડ



સામેના ભારતીય ક્રિકેટ ટીમના કંગાળ દેખાવ બાદ ફલેચરને રાજીનામુ આપી દેવા ક્રિકેટ બોર્ડે સંકેતો આપી દીધા છે. પૂર્વ ક્રિકેટર રવિ શાસ્ત્રીને હાલમાં જ ઈંગ્લેન્ડના બાકીના પ્રવાસ માટે ટીમના ડિરેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. નવા કોચ તરીકે શાસ્ત્રીની વરણીની પણ શક્યતાઓ છે.

# શહેરી બસ સેવા વિટકોસની મુદતમાં ૩ મહિનાનો વધારો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં આંતરિક બસના વાહન વ્યવહારનું સંચાલન કરતી વિટકોસની મુદતમાં ૩ માસનો વધારો કરવાનો મહત્વનો નિર્ણય આજે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો હતો.

ચેરમેનશ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ આ બેઠકમાં વિટકોસને અગાઉના કરારમાં થયેલી શરતોનું પાલન કરવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. આ મુદત કોન્ટ્રાકટના છેલ્લા વર્ષની રોયલ્ટી પેટે આપવાના થતા નાણાંના દરે જ ચુકવવાની રહેશે તેમ પણ આ નિર્ણયની સાથે જ નિર્ણય કરાયો છે.

આજની આ બેઠકમાં ફાયર ઓફિસર માટેનું વાહન પણ ફાયરના સાધનોથી સુસજ્જ હોય તેવું ખરીદવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ બેઠકમાં સે-૧૯ ખાતે મ્યુનિ. કમિશનરશ્રીના આવાસમાં સ્થાયી સુવિધાઓ માટે જરુરી ખર્ચ કરવાની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરી બસ સેવા માટે નવું ટેન્ડર જારી કરવાનો નિર્ણય આજની બેઠકમાં કરાયો હતો અને આ અંગેની પ્રક્રિયા ત્રણ માસમાં પૂર્ણ કરવા માટે પણ કમિશનરશ્રીને સૂચવવામાં આવ્યું છે. શહેરના અંતરિયાળ સેકટરોમાં વાહન વ્યવહારની સુવિધાને અગ્રતા આપવા આજે સભ્યોએ પણ આગ્રહ કર્યો હતો.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજની બેઠકમાં અન્ય બે જેટલી દરખાસ્તો હતી તેને પણ બહાલી આપી દેવામાં આવી છે. આ ઉપરાંત સ્વચ્છતા અભિયાનને લઈ થોડીક ચર્ચાઓ થઈ હતી.

# છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખ સહીત ૧૧ સભ્યો ભાજપામાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૨

વિધાનસભાની ૯ બેઠકોની પેટા ચૂંટણીઓ પૂર્વેજ છોટાઉદેપુર નગરપાલિકાના કોંગ્રેસના પાંચ કોર્પોરેટરો સહીત ૧૧ સભ્યો ભાજપમાં જોડાઈ જતાં કોંગ્રેસને ઝટકો લાગવા પામ્યો છે. જ્યારે છોટા ઉદેપુર નગરપાલિકામાં ભાજપે સત્તા કબજે કરી છે.

ગુજરાતની એક લોકસભા બેઠક અને વિધાનસભાની નવ બેઠકોની પેટા ચૂંટણીઓ જાહેર થઈ છે. આગામી ૧૩મી સપ્ટેમ્બરના રોજ પેટા ચૂંટણીઓ યોજાવાની છે તે પૂર્વે જ રાજકીય પક્ષોમાં આવન જાવનનો દોર શરૂ થવા પામ્યો છે. ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષો દ્વારા નારાજ આગેવાનોને પક્ષમાં લઈ જવા માટેના પ્રયાસો શરૂ કર્યા છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ છોટાઉદેપુર નગરપાલિકામાં કુલ ૨૧ બેઠકો પૈકી કોંગ્રેસે ૧૧ બેઠકો મેળવીને સત્તા કબજે કરી હતી પરંતુ આજે કોંગ્રેસના પાંચ સભ્યો બસપાના ત્રણ સભ્યો અને ત્રણ અપક્ષ સભ્યો એમ પ્રમુખ ઉપપ્રમુખ સહીત ૧૧ સભ્યોએ આજે પોતાનો પક્ષ છોડીને ભાજપમાં જોડાઈ જતાં કોંગ્રેસે સત્તા ગુમાવવી પડી છે.

છોટાઉદેપુર નગરપાલિકાના કોંગ્રેસના પાંચ સભ્યો સહીત ૧૧ સભ્યો આજે ભાજપમાં જોડાતા મુખ્યમંત્રીના નિવાસસ્થાને આ ૧૧ સભ્યોને ખેસ પહેરાવીને ભાજપમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

૧૧ સભ્યો આજે ભાજપમાં જોડાઈ જતાં છોટા ઉદેપુર નગરપાલિકામાં ભાજપે સત્તા પર કબજો મેળવ્યો છે. જેના કારણે ભાજપમાં ખુશીનો માહોલ છે. જ્યારે કોંગ્રેસે સત્તા ગુમાવતાં કોંગ્રેસમાં સન્નાટો પડી ગયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસો અગાઉ જ ગાંધીનર જિલ્લા પંચાયતમાં પણ કોંગ્રેસના સાત સભ્યોએ કોંગ્રેસને અલવિદા કરી બળવો કરી ભાજપમાં જોડાઈ જતાં ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસે સત્તા ગુમાવવી પડી છે.

હવે વિધાનસભાની નવ બેઠકોની પેટા ચૂંટણીઓ પૂર્વે જ પુન: રાજકીય પક્ષોમાં નારાજ આગેવાનોનો આવનજાવનનો દોર શરૂ થવા પામ્યો છે.

## ડ્રોઈંગ કોમ્પીટીશન

૧૫મી ઓગસ્ટ ૨૦૧૪ના રોજ ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે યોજાયેલ ડ્રોઈંગ કોમ્પીટીશનના ફોટોગ્રાફ wwww.iamglobalindia.com વેબસાઈટ / ફેસબુક પર મુકેલ છે તો ઉપરોક્ત વેબસાઈટ / ફેસબુક ઓપન કરીને જોઈ શકાશે.


## જોઈએ છે

'અમૂલ'ની બેકરી પ્રોડક્ટસ માટે સેલ્સમેન કમ ડિલીવરી મેન

સંપર્ક

૭૫૬૭૨૭૦૭૬૧



## સરકારી નોકરી અપાવવામાં TCCI EDUCATION PVT. LTD. No.1

છેલ્લા 21 વર્ષનો ફાળો : 7892 વિદ્યાર્થીઓ સાથે સફળતાની ટકાવારી 91%

26.01.1994 થી 30-7-2014 સુધીમાં TCCI EDUCATION PVT. LTD. 8673 વિદ્યાર્થીઓમાંથી 7892 વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રોમાં મેળવેલ સફળતા !

સફળતાની બેલેન્સ શીટ (છેલ્લા 21 વર્ષની સરેરાશ)

વર્ષ 1994 થી 2014 સુધીમાં સફળ થયેલ ઉમેદવાર સફળતાનું વર્ષ અને સફળતાની ટકાવારી નીચે મુજબ છે.

| વર્ષ | સફળ વિદ્યાર્થીઓ | સફળતાની ટકાવારી | વર્ષ | સફળ વિદ્યાર્થીઓ | સફળતાની ટકાવારી | વર્ષ | સફળ વિદ્યાર્થીઓ | સફળતાની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|
| 1994 | 356 | 87% | 2001 | 290 | 96% | 2008 | 397 | 94% |
| 1995 | 507 | 96% | 2002 | 145 | 83% | 2009 | 414 | 88% |
| 1996 | 495 | 90% | 2003 | 163 | 94% | 2010 | 359 | 92% |
| 1997 | 616 | 91% | 2004 | 206 | 97% | 2011 | 455 | 96% |
| 1998 | 412 | 86% | 2005 | 184 | 79% | 2012 | 593 | 94% |
| 1999 | 415 | 84% | 2006 | 415 | 98% | 2013 | 652 | 93% |
| 2000 | 230 | 92% | 2007 | 414 | 82% | 2014 | 174 | 94% |

વિવિધ ક્ષેત્રની પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત ઉમેદવારોની સંખ્યા

◆ બેંક કલાર્ક (વર્ગ-3) – 1170 ◆ ગુજરાત સરકાર : કલાર્ક (વર્ગ-3) – 1960 ◆ RTO – 23
◆ તલાટી/રેવન્યુ તલાટી (વર્ગ-3) – 640 ◆ RFO/ACF (P/M) વર્ગ-1/2 – 29 ◆ હાઈકોર્ટ કલાર્ક – 114
◆ DySP / DC / SO / મામલતદાર / TDO / DR વર્ગ-1/2 – 243 ◆ હાઈકોર્ટ - Dy SO – 19
◆ એકાઉન્ટન્ટ ◆ વેચાણવેરા અધિકારી (વર્ગ-2/3) – 96 ◆ કોન્સ્ટેબલ – 360 ◆ જેલ સિપાહી – 40
◆ Dy SO / નાયબ મામલતદાર / ચીફ ઓફીસર / વેચાણવેરા નીરીક્ષક (વર્ગ-3) 262 ◆ TET – 194
◆ TAT – 246 ◆ HTAT – 24 ◆ PSI – 92 તથા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારની અન્ય જગ્યાઓ – 2380

સફળ થયેલ વિવિધ કેટેગરીના ઉમેદવારો

| કેટેગરી | ટકાવારી |
|---|---|
| જનરલ (Open) | 85% |
| OBC | 94% |
| S.C. (અનુ.સૂચિત જાતિ) | 81% |
| S.T. (અનુ.સૂચિત જન જાતિ) | 98% |
| PH / અન્ય શારિરીક ખોડખાંપણ (Ex. Service) | 93% |

ગુજરાતના વિવિધ વિસ્તારના સફળ ઉમેદવારો અને સફળતાની ટકાવારી

| પ્રદેશ | સફળ ઉમેદવાર | ટકાવારી |
|---|---|---|
| ઉત્તર ગુજરાત (6 જિલ્લા) | 2709 | 98% |
| મધ્ય ગુજરાત (8 જિલ્લા) | 2452 | 96% |
| દક્ષિણ ગુજરાત (7 જિલ્લા) | 1603 | 90% |
| સૌરાષ્ટ્ર (11 જિલ્લા) | 1112 | 89% |
| કચ્છ | 16 | 82% |

વિવિધ વર્ગ-1/2/3 માં સફળતા પ્રાપ્ત ઉમેદવારોની ટકાવારી

| વર્ગ | | ટકાવારી |
|---|---|---|
| 1 | Dy. SP / DC / DR / ACF | 97% |
| 2 | STO / TDO / SO / DR મામલતદાર / RTO / RFO | 82% |
| 3 | તલાટી/કલાર્ક/બેન્ક કલાર્ક રેવન્યુ તલાટી/કોન્સ્ટેબલ/જેલ સિપાહી/ વે.વેરા નીરીક્ષક/ચીફ ઓફીસર વગેરે | 94% |

21 વર્ષથી TCCI EDUCATION PVT. LTD. ની સફળતાનું રહસ્ય !

- પરીક્ષાલક્ષી / પરીણામલક્ષી શિક્ષણ
- અનુભવી પ્રાધ્યપકોની એક જ ટીમદ્વારા શિક્ષણ
- અદ્યતન સાહિત્ય - મુદ્દાલક્ષી શિક્ષણ
- કોર્ષના અંતે ટેસ્ટ દ્વારા સફળ પરીક્ષણ
- નિયમિતતા / શિસ્ત પર વિશેષભાર
- મર્યાદિત સંખ્યા દ્વારા પ્રત્યેક વિદ્યાર્થી પર સીધી જ દેખરેખ
- પરીક્ષા સુધીનું શિક્ષણ
- વ્યાજબી 'ફી' સાથે ભેદભાવ વગરનું શિક્ષણ

TCCI EDUCATION PVT. LTD. ISO 9001-2008 સર્ટીફાઈડ કંપની બની છે... તો આવો આપ પણ ભવિષ્યમાં આવી સંસ્થામાં જોડાઈને સફળતાના ભાગીદાર બની શકો છો !

ગાંધીનગર 9537614606 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 5.30 સુધી)

મહેસાણા 9537614607 — પ્રથમ માળ, સિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)

બિન સચિવાલય કલાર્ક 2444 જગ્યાઓ

રેવન્યુ તલાટી 1300+ જગ્યાઓ

15000+ જગ્યાઓ થી વધુ વર્ગ-3ની જગ્યાઓની વર્ષ-2014માં ભરતી